**ફોજદારી કેસ નં.૧૧૨/૨૦૨૬.**

રજુ તારીખ :– ૧૩/૦૧/૨૦૨૬.

દાખલ તારીખ :– ૧૩/૦૧/૨૦૨૬.

ફેસલ તારીખ :– ૨૫/૦૩/૨૦૨૬.

સમયગાળો :– ૦૦ વર્ષ ૦૧ માસ ૨૮ દિવસ.

**નખત્રાણાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. નખત્રાણા.**

**ફોજદારી કેસ નં.૧૧૨/૨૦૨૬.**

**આંક :–૧૩.**

શ્રી સરકાર ....ફરીયાદી.

વિરૂધ્ધ

રાજીવ હરકરણરામ નેત્રા,

રહે. નખત્રાણા. ....આરોપી.

ગુન્હો :– ધી મોટર વહીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ–૧૮૫ સાથે વાંચતા ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી મુજબ.

ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી એન જે. પુજારા.

આરોપી તરફે વિ.વ.શ્રી એ એચ. ગુંસાઈ.

## -: ઠરાવ :-

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી પોતાના કબ્જાનું વાહન કેફી પીણું પીધેલી હાલતમાં ચલાવી, કેફી પીણાના નશા તળે મળી આવી, પકડાઈ જઈ, ધી મોટર વહીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ-૧૮૫ સાથે વાંચતા ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ-૬૬(૧)બી મુજબની ફરીયાદ નોંધાવતા, આરોપીને ધોરણસર અટક કરી, કોર્ટ હવાલે કર્યા બાદ, તપાસને અંતે પુરાવો આવતા હાલનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામમાં આરોપીને ધોરણસર સમન્સ બજી જતા, કેસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ, ગુના વિશે સમજ આપી પુછતા, આરોપીએ ગુનાનો ઈનકાર કરેલ તેથી તે મતલબની પ્લી આંક-૦૭થી નોંધી, ફરીયાદપક્ષને પુરાવો રજુ કરવા હુકમ કરેલ છે.

૩. ત્યાર બાદ, આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નામદાર કોર્ટ સમક્ષ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :-**

૧. પંચ સાહેદ આશા અભુભાઈ રબારીની સોગંદ પરની જુબાની. આંક-૦૮.

૨. પંચ સાહેદ ઈકબાલ સાલેમામદ કુંભારની સોગંદ પરની જુબાની. આંક-૧૦.

૩. ફરીયાદી પોલીસ સાહેદ રમેશ હીરાભાઈ રબારીની સોગંદ પરની જુબાની. આંક–૧૧.

**<u>લેખીત પુરાવો</u> :–**

૧. આરોપીની શરીર સ્થિતિ તથા તેઓને અટક કર્યા અંગેનું તથા મુદામાલ વાહન કબ્જે લીધેલાનું પંચનામું. આંક–૦૯.

૨. ફરીયાદ. આંક–૧૨.

ફરીયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવા રજુ રાખેલ નથી.

ત્યાર બાદ આ કામમાં ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા, તમામ પુરાવાના અંતે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધતા, આરોપીએ પુરાવાની હકીકત ખોટી હોવાનું જણાવી અને તેઓ નિર્દોષ હોય, તેમના પર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. આરોપીએ સોગંદ પર પુરાવો આપેલ નથી કે, બચાવના સાહેદ તપાસેલ નથી.

૪. બાદમાં, ફરીયાદપક્ષે વિ. એ.પી.પીશ્રીને તથા આરોપી તરફે વિ. વ. શ્રીને સાંભળ્યા. ફરીયાદપક્ષે એ.પી.પીશ્રીએ આરોપી સામેનો કેસ પુરવાર થયેલ હોવાનું જણાવી તેમને દાખલારૂપ સજા કરવાની દલીલ કરેલ છે, જયારે બચાવપક્ષના વિ. વ. શ્રીએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષને કોઈ સ્વતંત્ર સાહેદો દવારા સમર્થન મળેલ નથી

અને તે રીતે ફરીયાદપક્ષનો કેસ શંકાથી પરે પુરવાર થયેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે ભારપુર્વક દલીલ કરેલ છે.

૫. આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

અ. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી પોતાના કબ્જાનું વાહન કેફી પીણું પીધેલી હાલતમાં ચલાવી, કેફી પીણાના નશા તળે મળી આવી, પકડાઈ જઈ, ધી મોટર વહીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ–૧૮૫ સાથે વાંચતા ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

બ. શું હુકમ ?

૬. ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

અ. નકારમાં.

બ. આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

**મુદા નં.–અ તથા બ :–**

૭. આ કામમાં ફરીયાદપક્ષે ફરીયાદપક્ષે આંક–૦૮થી પંચ સાહેદ આશા અભુભાઈ રબારીને તથા આંક–૧૦થી અન્ય પંચ સાહેદ ઈકબાલ સાલેમામદ કુંભારને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદોએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકતથી વિશેષ કોઈ હકીકત જણાવેલ નથી અને આંક–૦૯વાળા પંચનામામાં તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. સદર બંન્ને પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય વિ. એ. પી. પીશ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલ સાહેદ જાહેર કરી, આગળ ઉલટતપાસ કરેલ હોવા છતા સદર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને ફળદાયી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, ફરીયાદપક્ષે રજુ આંક–૦૯વાળું આરોપીની શરીર સ્થિતિ તથા તેઓને અટક કર્યા અંગેનું તથા મુદામાલ વાહન કબ્જે લીધેલાનું પંચનામું શંકાથી પરે પુરવાર થયેલાનું માની શકાય તેમ નથી.

૮. બાદ, આ કામમાં આંક–૧૧થી ફરીયાદી પોલીસ સાહેદ રમેશ હીરાભાઈ રબારીએ સોગંદ પર જુબાની આપેલ છે, જેમાં તેઓએ એવો પુરાવો રજુ કરેલ છે કે, ગઈ તા.૦૧/૦૧/૨૦૨૩ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન વથાણ ચોકમાં સામેથી એક મોપેડ આવતુ હોય, તેને હાથના ઈશારા વડે ઉભી રખાવી, તેના ચાલકનું મોઢુ સુંઘી જોતા, મજકુરના મોઢામાંથી કેફી પીણું પીધેલાની વાસ આવતી હોય, જેથી સાથેના સાહેબે તરત જ નજીકમાંથી બે

પંચોના માણસોને બોલાવી, સમજ કરી, પંચો રૂબરૂ મજકુરનું નામ–ઠામ પુછતા પોતે રાજીવ હરકરનરામ નેત્રા, રહે. નખત્રાણાવાળો હોવાનું તોતડાતી જીભે જણાવેલ. બાદ મજકુરને નીચે ઉતારી હલનચલન કરાવતા, મજકુર ઇસમ પોતે શરીરનું સંતોલન જાળવી શકતા ન હોય અને તેની આંખો નશા તળે લાલઘુમ જણાય આવતી હોય, જેથી મજકુરને કેફી પીણું પીવા બાબતેની પાસ પરમીટની માંગણી કરતા, તે નહીં હોવાનું જણાવેલ. બાદ મજકુરની અંગઝડતી કરતા, કોઇ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહીં. મજકુર જે હિરો કંપનીનું એક્ટીવા જેના રજી. નં. આર.જે–૪૬–એસ.ઇ.–૬૦૫૯વાળી ચલાવી આવેલ હોય, તેની કિં. રૂ૦ ૧૦,૦૦૦/–ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ અને મજકુર ઇસમને કેફી પીણું પીને મોટરસાયકલ ચલાવતો હોય, તેને અટકાયતના કારણોની જાણ કરી, આ અંગેનું પંચનામું કલાક–૦૦–૩૦થી ૧–૦૦ સુધીનું કરી લઇ તેને અટક કરેલ અને ચાલક વિરૂદ્ધ અમોએ ફરીયાદ આપેલ અને ફરીયાદમાં ફરીયાદી તરીકે પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૨થી રજુ કરેલ અને આરોપીને જોયેથી ઓળખતા હોવાનો પુરાવો રજુ કરેલ છે.

સદર સાહેદ તેમની બચાવપક્ષેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર રોડ છે અને ત્યાં માણસો તથા વાહનોની અવરજવર સતત ચાલુ હોય છે, મારી આપેલ ફરીયાદમાં પંચોનાં નામ જણાવેલ નથી, સદર ગુન્હાના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી, સ્થળ

ઉપર આરોપીનો કોઈ બ્રેથ એનાલીસીસ ટેસ્ટ કરવામાં આવેલ ના હતો, આરોપીએ કેફી પીણુ પીધેલ છે કે કેમ તે જાણવા માટે મે કોઈ સ્પેશીયલ ટ્રેનીંગ લીધેલ નથી, સામાન્ય સંજોગોમાં જો કોઈ વ્યકિત બીમાર હોય કે, ટુ વ્હીલર પર લાંબી મુસાફરી કરીને આવતો હોય કે, તેણે કોઈ આર્યુવેદિક સીરપ પીધેલ હોય તો તે સંજોગોમાં તેના હલનચલનમાં ફેરફાર જોવા મળી શકે અને તેની આંખો લાલ મળી શકે અને તેના મોઢામાંથી વાસ પણ આવી શકે.

૯. આમ, ફરીયાદપક્ષે રજુ કરેલ તમામ પુરાવાનું મુલ્યાંકન કરતા, આંક-૦૯થી રજુ આરોપીની શરીર સ્થિતિ તથા તેઓને અટક કર્યા અંગેનું તથા મુદામાલ વાહન કબ્જે લીધેલાનું પંચનામું છે જેમાં આરોપીના મોઢામાંથી કેફી પ્રવાહીની તીવ્ર વાસ આવતી હોવાનો તેમજ તેમનું વાહન પોલીસે કબ્જે લીધેલ હોવાનો ઉલ્લેખ છે. સદર આંક-૦૯વાળા પંચનામાના બંને પંચ સાહેદો ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ છે. આમ, મહત્વના કહી શકાય તેવા અને સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી, જેથી સદર બંને પંચોના પુરાવાથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી, જેથી આરોપી દારૂ પીધેલી હાલતમાં મળી આવતા, પોલીસે બંને પંચોની હાજરીમાં તેઓને અટક કરેલ હોવાનું અને તેમની પાસેથી મુદામાલ વાહન કબ્જે કરેલ હોવાનું શંકાથી પરે પુરવાર થતું નથી. વધુમાં આંક-૧૧થી ફરીયાદી પોલીસ સાહેદે તેમની બચાવપક્ષેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર

વિસ્તાર હોય ત્યાં માણસો તથા વાહનોની અવરજવર સતત ચાલુ રહેતી હોય છે તેવો પુરાવો આપેલ હોવા છતા અને સદર જગ્યાએથી સ્વતંત્ર સાહેદો આસાનીથી મળી શકે તેમ હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી, જેથી ફરીયાદપક્ષના કેસ મુજબનો બનાવ બનેલ હોવા અંગે શંકા ઉપસ્થિત થાય છે. વધુમાં આંક–૦૯વાળું પંચનામું સદર સાહેદની હાજરીમાં થયેલ હોવા છતા તેમની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ ન હોવાનો પુરાવો આવેલ છે. આમ, જો ખરી હકીકત બનાવ બનેલ હોય અને પંચનામું સદર સાહેદની હાજરીમાં કરવામાં આવેલ હોય તો તેઓની ફરીયાદમાં પંચોના નામ ચોકકસ રીતે હોવા જોઈએ, પરંતુ તેવું બનેલ નથી, જેથી પણ ફરીયાદપક્ષના કેસ મુજબનો બનાવ બનેલ હોવા અંગે શંકા ઉપસ્થિત થાય છે.

વધુમાં, સદર કામે આરોપીનું બ્લડ સેમ્પલ લેનાર ડોકટર કે, જેમને અતિ મહત્વના સાહેદ કહી શકાય તેમને પણ જો ફરીયાદપક્ષે તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષે રજુ એવા આરોપી વિરૂધ્ધના સીધા પુરાવાના અભાવે ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ વ્યાજબી શકયતા જણાઈ આવતી નથી. આ સંજોગોમાં રજુ પુરાવા પરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાશે નહી તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે.

૧૦. ઉપરોકત ચર્ચાને અંતે ફરીયાદપક્ષ આ કામમાં આરોપી સામેનું ધી મોટર વહીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ–૧૮૫ સાથે વાંચતા ધી

ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી મુજબનું આક્ષેપિત તહોમત શંકાથી પરે પુરવાર કરી શકેલ ન હોય, મુદા નં.–અને સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તેનો નિર્ણય નકારમાં આપી અને મુદા નં.–બના નિર્ણયમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ–૨૭૮(૧) અન્વયે **આરોપી રાજીવ હરકરણરામ નેત્રા, રહે. નખત્રાણાવાળાને** ધી મોટર વહીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ–૧૮૫ સાથે વાંચતા ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય વિત્યેથી, મુદામાલ પાવતી નં.૨/૨૦૨૩થી કબ્જે લેવાયેલ વાહન હીરો ડયુટ રજી. નં. આરજે–૪૬–સી.ઈ–૬૦૫૯ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે વિકલ્પે મુળ માલીકીના આધાર પુરાવાની ખરાઈ કરી, તેમને સાચા અને ખરા માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ–૪૮૧ના પ્રબંધો અનુસાર આરોપીના જુના જામીન તથા જામીનખત ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ પચ્ચીસમી માહે માર્ચ, સને બે હજાર છવ્વીસના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

નખત્રાણા. (આર ડી. કકકડ)

તા. ૨૫/૦૩/૨૦૨૬. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

નખત્રાણા. જીજે–૦૧૨૩૭.